# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં જનજીવનને થયેલી અસરની સ્થિતિની સમીક્ષા કરી.**
2. **રાજ્યમાં સવારે ચાર વાગ્યા સુધીમાં 224 તાલુકામાં વરસાદ - રાજ્યના કેટલાક જિલ્લામાં આજે અતિભારે વરસાદની આગાહી.**
3. **અમદાવાદ વિમાન દુર્ઘટનાના 177 મૃતકના ડીએનએ નમૂના મેચ થયા. 133 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપાયા.**
4. **ભરૂચ SOG પોલીસે ગત 48 કલાકમાં 44 બાંગ્લાદેશીઓની અટકાયત કરી.**
5. **કડી અને વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં આવતીકાલે મતદાનના દિવસે જાહેર રજા રહેશે.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

ડેસ્ક

# CM VIDEO CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે તમામ જિલ્લાના કલેક્ટર સાથે વીડિયો કૉન્ફરન્સ યોજી. દરમિયાન શ્રી પટેલે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં જનજીવનને થયેલી અસરની સ્થિતિની માહિતી મેળવી. મુખ્યમંત્રી ગઈકાલે મોડી સાંજે ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા, જ્યાં તેમણે રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો તેમજ પોલીસ, હવામાન વિભાગ, **NDRF,** તટરક્ષકના અધિકારીઓ સાથે બેઠક યોજી તંત્રની સતર્કતા અને સજ્જતાની સમીક્ષા કરી.

રાહત કમિશનર આલોકકુમાર પાંડેએ જણાવ્યું, અત્યાર સુધીમાં 12 **NDRF**ની ટુકડી વરસાદી સ્થિતિમાં નાગરિકોને સલામત સ્થળે ખસેડવા અને આપતિના સમયે નાગરિકોના બચાવ માટે વિવિધ જિલ્લામાં મોકલવામાં આવી છે. ઉપરાંત રાજ્યના 20 જિલ્લામાં **SDRF**ની ટુકડી પણ તહેનાત કરવામાં આવી છે.

**.......................................**

ઈન્ફો/પ્રવેશ અડિએચા - દિપક

# Rain

રાજ્યમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગળ વધ્યું છે. ભારે ગરમી બાદ છેલ્લાં ત્રણ દિવસથી રાજ્યભરમાં ચોમાસાએ સત્તાવાર પ્રવેશ કર્યો છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

**(VOICE CAST ANIL PATEL)**

રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદથી ધરતીપુત્રોમાં આનંદ વ્યાપી ગયો છે, ત્યારે બીજી બાજુ, બોટાદ, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાઓમાં વરસાદથી જનજીવન ખોરવાઈ ગયું છે અને અનેક ગામો સંપર્કવિહોણા બન્યાં છે.

ગઈ કાલે મુખ્યત્રી ભુપેન્દ્ર પટેલનાં અધ્યક્ષસ્થાને મળેલી તાકીદની બેઠકમાં સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આજે ભાવનગર અને બોટાદ જિલ્લામાં તમામ શાળાઓમાં રજા રાખવા આદેશ કરાયો છે.

હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્રનાં પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

આગામી એક સપ્તાહ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આ દરમિયાન, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

અનિલ પટેલ, સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

……………………………………

ડેસ્ક/અનિલ પટેલ - દિપક

# STATE RAIN

હવામાન વિભાગે આજે પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, નવસારી, ડાંગ, વલસાડ. કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીના છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, રાજકોટ, બોટાદ, આણંદ, ખેડા, વડોદરા, પંચમહાલ સહિત 15 જિલ્લામાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

રાજ્યમાં ગઈકાલે સવારે છ વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધીમાં 224 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સત્તાવાર યાદી મુજબ, બોટાદના બરવાળા તાલુકામાં સૌથી વધુ સાઠ ઈંચ જેટલો વરસાદ વરસ્યો. જ્યારે સુરેન્દ્રનગરના સાયલા તાલુકામાં છ ઈંચ વધુ, બોટાદના બોટાદ તાલુકામાં પોણા છ ઈંચ, સુરેન્દ્રનગરના મૂળી અને જામનગરના જોડિયા તાલુકામાં સાડા પાંચ ઈંચ તેમજ આ સિવાયના તાલુકામાં પાંચ ઈંચથી ઓછો વરસાદ થયો છે.

બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભીમાણી જણાવે છે. ગઈકાલે પીપળિયા ગામમાં એક કાર તણાઈ જતાં **NDRF**ની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. **NDRF**એ સ્થાનિક નગરપાલિકા બચાવ ટુકડી અને સ્થાનિક આગેવાનો સાથે મળી કારમાં સવાર મુસાફરોની શોધખોળ કરી હતી. જોકે, હજી સુધી ચાર જેટલા મુસાફર મળ્યા નથી. પણ શોધખોળ ચાલી રહી છે.

દ્વારકામાં પણ વરસાદી માહોલ જામ્યો છે. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે. ખંભાળિયા પંથકમાં ગાજવીજ અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. તેના કારણે મુખ્ય માર્ગો પર અને નગર ગેટ, જોધપુર ગેટ, રામનાથ સોસાયટી, સોની બજાર સહિતના વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા.

જામનગરમાં પણ દરેક તાલુકામાં વરસાદ નોંધાયો અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે. શહેરના અનેક વિસ્તારમાં વરસાદી પાણીના કારણે નાળા અને રસ્તાઓ પર પાણી ભરાયા છે. વરસાદના કારણે લોકોને ઠંડકનો અનુભવ થયો છે.

પાટણમાં વરસાદના કારણે જનજીવન ખોરવાયું છે. અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે. દિવસભર વાદળછાયા વાતાવરણના કારણે બફારાની અનુભૂતિ બાદ સાંજે ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. તેના કારણે લોકોને ગરમીમાંથી રાહત થઈ છે. લોકો પ્રથમ વરસાદને વધાવવા અને તેની મોજ માણવા રસ્તા પર પહોંચી ગયા હતા.

.......................................

એસઈઓસી યાદી/પીટીસી/બોટાદ/જામનગર/દ્વારકા/પાટણ/પ્રવેશ અડિએચા – દિપક

# DNA MATCHING UPDATE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 177 મૃતકના ડીએનએ નમૂના મેચ થયા છે. જ્યારે 133 પાર્થિવ શરીર મૃતકોના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી હતી.

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે. દુર્ઘટનાના 62 મૃતકના અંતિમ સંસ્કાર અમદાવાદમાં કરાયા છે. ડીએનએ નમુના મેચીંગ પ્રક્રિયા માટે જે પરિવારજનો પોતે ઉપસ્થિત નથી રહી શકતા તેમના ઘરથી ડીએનએ નમૂના મેળવવા માટે યોગ્ય વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

........................................

ઋષિકેશ પટેલ અને હર્ષ સંઘવી ટ્વીટ/પ્રવેશ અડિએચા - દિપક

# 108 KARMCHARI

અમદાવાદમાં વિમાન દુર્ઘટનાના દિવસે ઘટનાના ત્રણ જ મિનિટમાં 108 ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. 108 ની આ ટીમમાં ચિરાગ સંતોકી પણ હતા. તેઓ આ દુર્ઘટનામાં બચી ગયેલા વિશ્વાસ કુમાર રમેશ ને 108 એમ્બ્યુલન્સમાં બેસાડી હોસ્પિટલ લઈ ગયા હતા

**(બાઈટ. ચિરાગ સંતોકી 108 કર્મચારી)**

.........................................

માહિત/ઋષિકેશ પટેલ ટ્વિટ/પ્રવેશ અડિએચા - દિપક

# AMD PLANE CIVIL

અમદાવાદમાં બાર જૂને વિમાન દુર્ઘટનાના દિવસે સિવિલ હોસ્પિટલમાં 71 લોકો દાખલ થયા હતા. તેમાંથી બે લોકોના મોત થયા છે જ્યારે 42 લોકોને રજા અપાય છે હોસ્પિટલમાં 30 જેટલા વિદ્યાર્થીઓએ પણ સારવાર લીધી હોવાનું હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું......

## (બાઈટ- ડોક્ટર રાકેશ જોષી)

.........................................

આઈએએનએસ/પ્રવેશ અડિએચા - દિપક

# BHARUCH BANGLADESHI

ભરૂચ એસ.ઓ.જી પોલીસની ટુકડીએ ગત 48 કલાકમાં 44 બાંગ્લાદેશની નાગરિકની અટકાયત કરી છે. મળતી માહિતી મુજબ, આ તમામ વિદેશી નાગરિક વિઝા કે પાસપોર્ટ વગર ભારતમાં વસવાટ કરતા હતા. પોલીસે આ તમામ બાંગ્લાદેશી નાગરિકોને ભરૂચ શહેર, અંકલેશ્વર શહેર અને અંકલેશ્વર જીઆઇડીસીના વિવિધ વિસ્તારમાંથી પકડી પાડ્યા હતા.

પોલીસે અટકાયત કરેલા બાંગ્લાદેશની નાગરિકોમાં 11 પુરુષ, 18 મહિલા અને 15 બાળકનો સમાવેશ થાય છે. આ તમામ લોકોની ઓળખ પ્રક્રિયા શરૂ કરવામાં આવી રહી છે. તેમને ટૂંક સમયમાં અદાલતમાં રજૂ કરાશે.

ગૃહ રાજ્યમંત્રી સંઘવીએ પણ ભરૂચ એસઓજી ટુકડીની પ્રશંસા કરી છે. તેમણે પર જણાવ્યું કેન્દ્રીય ગૃહ વિભાગ સાથે ભલામણ બાદ અટકાયત કરાયેલા લોકોને દેશ નિકાલ કરાશે.

.

………………………………………

હર્ષ સંઘવી ટ્વિટ/પીટીસી ભરૂચ/પ્રવેશ અડિએચા - દિપક

# KADI VISAVADAR BYE ELECTION

મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે આવતીકાલે મતદાન થશે. ત્યારે આ બંને વિધાનસભા મતવિસ્તારમાં આવતીકાલે જાહેર રજા રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામાં મુજબ, 1881ના નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટની કલમ 25-ની જોગવાઈ અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના 8 મે 1968ના જાહેરનામાં મુજબ આ રજા જાહેર કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે મહેસાણાની કડી બેઠક માટે આઠ અને જુનાગઢની વિસાવદર બેઠકની પેટા-ચૂંટણી માટે 16 ઉમેદવાર મેદાનમાં છે.

.......................................

ચૂંટણીપંચ યાદી/માહિતી/પ્રવેશ અડિએચા - દિપક

# Tapi civil

તાપી જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે તાપી સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે અલાયદો વોર્ડ બનાવાયો છે. આ અંગે હોસ્પિટલના આરએમઓ ડોક્ટર ધનસુખ ગામિતે વધુ માહિતી આપી.

## (બાઈટ ડોક્ટર ધનસુખ ગામીત)

……………………………………

પીટીસી/તાપી/પ્રવેશ અડિએચા - દિપક